# સ્વાધ્યાય મંડળોની સ્થાપના
# કલ્પવૃક્ષનું આરોપણ



# સ્વાધ્યાય મંડળોની સ્થાપના કલ્પવૃક્ષનું આરોપણ

: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

: પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :

શાખા : અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૦ કિંમત રૂા. ૬.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રસ્તાવના

અજ્ઞાનતાના કારણે માનવજીવન દુ:ખથી ભરેલું છે. જો જ્ઞાન હોય તો અભાવમાં પણ પ્રસન્ન રહી શકાય છે.યુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવે દિવ્ય દૃષ્ટિથી જાણી લીધું હતું કે સર્વ દુ:ખોનું મૂળ કારણ અજ્ઞાન છે. આ અજ્ઞાનને દૂર કરવા માટે તેમણે જ્ઞાનયજ્ઞની યોજના શરૂ કરી. જ્ઞાનયજ્ઞનાં બે માધ્યમ છે - સત્સંગ અને સ્વાધ્યાય. ગ્રંથ પ્રકાશનની વ્યવસ્થા સરળ અને સર્વસુલભ હોવાથી હવે સ્વાધ્યાય જ શ્રેષ્ઠ સાધન બની શકે છે. ખરાબ ચિંતનને નાબૂદ કરવા માટે, સત્સાહિત્યની પૂર્તિ પૂજ્યવરે યુગસાહિત્યના સર્જન દ્વારા કરી. યુગસાહિત્યને સામાન્ય જન સુધી પહોંચાડવા માટે અનેકવિધ પ્રયોગો કર્યા, જેમાં સ્વાધ્યાય મંડળોની સ્થાપના કરી. પૂજ્યવરે તેને કલ્પવૃક્ષ નામ આપ્યું. તેના માધ્યમથી યુગનિર્માણ મિશનના તમામ કાર્યક્રમ અલ્પ સાધનોથી સંપૂર્ણ કરવાની યોજના તૈયાર કરી. સ્વાધ્યાય મંડળની સ્થાપના પાંચ પ્રારંભિક સભ્યો દ્વારા સ્વાધ્યાયથી શરૂ કરી છે, જે ત્રીસ સભ્યો દ્વારા થતા સ્વાધ્યાય સુધી પહોંચે છે. ત્રીસ સભ્યોનું બનેલું આ સ્વાધ્યાયમંડળ શક્તિપીઠ, જ્ઞાનપીઠ, પ્રજ્ઞાપીઠ વગેરે ભવનવાળાં પ્રજ્ઞાસંગઠનોની જેમ મિશનના કાર્યક્રમો ચલાવે છે. સ્વાધ્યાય મંડળ પાસે સ્થાવર-જંગમ મિલ્કત ન હોવાના કારણે વિતૈષણા તથા લોકૈષણાથી બચવું સરળ હોય છે. પૂજ્યવરે આ પુસ્તકમાં યુગસાહિત્યનું મહત્ત્વ, સ્વાધ્યાયની આવશ્યકતા, સ્વાધ્યાય મંડળોની સ્થાપના તેમજ તેના કાર્યકલાપ પર પ્રકાશ પાડ્યો છે અને આપણી પાસે સ્વાધ્યાયમંડળનું બનાવવાની આશા રાખી છે. તેમની ઈચ્છાને આદેશ માની સૌએ પોતાના વિસ્તારમાં સ્વાધ્યાય મંડળોની સ્થાપના કરવી જોઈએ.

- વ્યવસ્થાપક

યુગ નિર્માણ યોજના, મથુરા .

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# નવજાગરણ માટે યુગ સાહિત્યનો સ્વાધ્યાય

સાધન સુવિધાઓની દૃષ્ટિએ આપણો સમય પૂર્વજોની સરખામણીમાં ઘણો સુસંપન્ન છે. વૈજ્ઞાનિક, આર્થિક અને બૌદ્ધિક પ્રગતિએ અત્યારે એટલી બધી સાધનસામગ્રી તૈયાર કરી છે, જેની પૂર્વજોએ કલ્પના પણ નહિ કરી હોય. તેમ છતાં લોકોના સ્વાસ્થ્ય, સંતોષ અને સંતુલનના ક્ષેત્રમાં ખૂબ જ પતન થઈ રહ્યું છે. આર્થિક તંગી, પરિવારોમાં ખેંચતાણ અને સમાજમાં વિસંગઠન થઈ રહ્યું છે તથા ગુનાઓનું ચલણ દિવસે દિવસે વધી રહ્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય સ્તરે એટલી બધી સમસ્યાઓ વધી રહી છે કે કોઈ પણ ક્ષણે મહાવિનાશની ઘડી આવી શકે છે. ગુના, બહુ પ્રજનન, દુર્વ્યસન, વિગ્રહ, હુમલાઓની પરિસ્થિતિ ભવિષ્યને વધુ ને વધુ અંધકારમય બનાવતાં જાય છે. સરકારે અપનાવેલા સુધારાના પ્રયત્નો સફળ નથી થઈ રહ્યા.વધતી જતી અનૈતિકતા એવી અરાજકતા પેદા કરે છે કે તેને રોકવાનું બહારના નિયંત્રણના આધારે મુશ્કેલ છે.

અસંખ્ય સમસ્યાઓ, મુશ્કેલીઓ અને વિટંબણાઓનું એક માત્ર કારણ છે - માનવીના દૃષ્ટિકોણમાં આદર્શો પ્રત્યે અનાસ્થાની વૃદ્ધિ, ચિંતન અને ચરિત્રમાં નિકૃષ્ટતાનો સમાવેશ. આવો જ ક્રમ જો ચાલતો રહેશે તો શાસકીય અથવા આર્થિક ઉપાયોથી તેનો હલ નહિ નીકળી શકે. નિર્માણની તુલનામાં વિનાશનો ક્રમ જો આગળ વધતો રહેશે તો એક દિવસ સર્વનાશ થઈને જ રહેશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામયિક સમસ્યાઓનું સમાધાન અને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્ધારણ આ તથ્ય પર જ આધારિત છે કે જેટલા પ્રયત્નો સુવિધાનાં સાધનોને વધારવા માટે કરીએ છીએ તેટલું જ ધ્યાન લોકમાનસને સુધારવામાં વ્યક્તિત્વમાં ઉત્કૃષ્ટતા વધારવા માટે આપીએ. પ્રાચીનકાળમાં આ જ વાતને ઉન્નત કરવા માટે મૂર્ધન્ય વ્યક્તિઓ સખત મહેનત કરતી હતી. ઋષિઓ, સાધુઓ અને બ્રાહ્મણો આ ઉદ્દેશની પૂર્તિ માટે પ્રયત્નો કરતા હતા. પરિણામે આ દેશ નરરત્નોની ખાણ હતો. અહીંયાં દેવતાઓ નિવાસ કરતા હતા અને ધરતી પર સ્વર્ગ હતું. આ ઉક્તિનું તાત્પર્ય એ છે કે સતયુગના વાતાવરણમાં વ્યક્તિની આસ્થાઓ, સંવેદનાઓ, વિચારણાઓ અને કાર્યો ઉત્કૃષ્ટતા સાથે સંકળાયેલાં હતાં. પરિણામે વ્યવહારમાં સ્નેહ અને સહયોગની કમી ન હતી. જે સાધનો ઉપલબ્ધ હતાં, તેમનો હળીમળીને ઉપયોગ કરતા અને હસતી અને હસાવતી સરળ જિંદગી જીવતા હતા. જ્યાં આવી મનઃસ્થિતિ અને પરિસ્થિતિ રહેશે ત્યાં સર્જનહારની સર્વોત્તમ રચનાના રૂપમાં પેદા થયેલો મનુષ્ય પોતે સુખી રહેશે અને સર્વત્ર સુખશાંતિની વર્ષા કરશે.

અત્યારે પ્રવાહ પલટાઈ ગયો છે. ચિંતન અને ચરિત્રમાં નિષ્કૃષ્ટતા આવી ગઈ છે અને વ્યવહારમાં દુષ્ટતા, ભ્રષ્ટતાનાં તત્ત્વોએ પોતાનું આધિપત્ય જમાવી દીધું છે. પરિણામ સામે છે. આપણે અસંખ્ય સમસ્યાઓમાં ગૂંચવાયેલા છીએ અને સર્વનાશના દળદળમાં ધીમે ધીમે વધુને વધુ ઊંડા ઊતરતા જઈએ છીએ. અત્યારે અનાસ્થાનું સંકટ દુકાળ કરતાં પણ વધુ ભયંકર છે. મર્યાદાઓ તોડવી તે બંધ તૂટવાથી જળ-જંગલ એક કરી નાખનારા સંકટથી પણ વધુ વિનાશક હોય છે. સંકુચિત સ્વાર્થીવૃત્તિનો પ્રવાહ એવો છે, જેના પ્રવાહમાં બધું જ તણાઈ જાય છે. ઉચ્છૃંખલ વ્યવહાર બધું તોડીફોડી નાખનારા તોફાનથી પણ વધુ ભયાનક છે. મોટી બીમારી મનુષ્યના શરીરમાં રહે છે, પરંતુ નિષ્કૃષ્ટતા તરફ વધતી જતી રુચિ તો આત્માને અધમૂઓ કરી નાખી દિવંગત કરતાં પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખરાબ દશામાં લાવીને મૂકી દે છે.સામૂહિક આત્મહત્યા અને મહાવિનાશના પથ પર જે રીતે માનવ સમુદાય આજે ઉત્સાહપૂર્વક દોડ લગાવી રહ્યો છે તે જોતાં રોમાંચ થાય છે અને લાગે છે કે ભવિષ્યને અંધકારમય બનાવનાર આ પ્રવાહને કોઈ દૈવી ચમત્કાર જ રોકી શકશે.

અત્યારની વિચિત્ર આકૃતિ - પ્રકૃતિવાળી અનેક સમસ્યાઓ, મુશ્કેલીઓ તથા તકલીફોનું એકમાત્ર કારણ આસ્થાનું સંકટ છે. અદૂરદર્શિતા, સ્વાર્થીવૃત્તિ જેવી નિષ્કૃષ્ટતાઓ ભેગી થઈ આસ્થાનું સંકટ ઊભું કરે છે અને જ્યારે જ્યારે આ દાવાનળ ભડકે છે ત્યારે તેની લપેટમાં લીલાં-સૂકાં બધાં આવી જાય છે. શિક્ષિત-અશિક્ષિત, ધનિક -નિર્ધન, સમર્થ-અસમર્થ બધા તે વાતાવરણથી ઠંડી-ગરમીની જેમ પ્રભાવિત થાય છે. અત્યારે તેવું જ થઈ રહ્યું છે.માનવીય ગરિમાને અપનાવવી તો દૂરની વાત રહી, પરંતુ તેનો અનુભવ કરવો, સ્વરૂપ અને ઉત્તરદાયિત્વ સમજવું મુશ્કેલ થઈ રહ્યું છે. આ આખી પરિસ્થિતિનું પર્યવેક્ષણ કર્યા પછી ચિંતન કરવાથી એક જ નિષ્કર્ષ નીકળે છે કે જનમાનસને શાલીનતાનું સમર્થક બનાવવામાં આવે તથા લોકચિંતનમાં દૂરદર્શી વિવેકશીલતાનો સઘન સમાવેશ કરવામાં આવે. તેનાથી ઓછામાં કામ ચાલે તેમ નથી. જો આદર્શવાદની સમર્થક વિચાર ક્રાંતિ ન થઈ શકે, જો સર્વતોમુખી નવસર્જનનો આધારભૂત ઉપચાર એવું પ્રજ્ઞા અભિયાન વ્યાપક ના બનાવી શકે તો સમજવું જોઈએ કે માનવી ગરિમાએ હાર સ્વીકારી લીધી અને આત્મરક્ષણ માટે પ્રાપ્ત થયેલ અસ્ત્ર-શસ્ત્રોને પડતા મૂકી પતન-પરાભવને શરણે જવાની નીતિ અપનાવી લીધી. જો એવું થાય તો સમજવું જોઈએ કે સંસ્કૃતિએ પ્રાચીનકાળના વનમાનવના સમાજમાં પાછા જવાનો રસ્તો જાણ્યે-અજાણ્યે સ્વીકારી લીધો.

આવી હાલતમાં પોતાની જાતને, પોતાનાં પ્રિયજનોને,પોતાના સમાજને, વિશ્વને તથા સંસ્કૃતિને વિનાશના માર્ગથી દૂર રાખવાનો એક જ ઉપાય છે કે સામાન્ય લોકોને હકીકતથી અવગત કરવામાં આવે અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રક્ષણનો ઉપાય પણ ઢોલ વગાડીને બતાવવામાં આવે કે પ્રચલિત માન્યતાઓ, આકાંક્ષાઓ, ટેવો, પરંપરાઓ તથા કાર્યકલાપોમાં મોટાભાગનાં એવાં હોય છે, જેમાં ઔચિત્ય ઓછું તથા અનૌચિત્યની માત્રા વધુ છે. ભ્રાંતિ, વિકૃતિઓ અને અનિચ્છનીય બાબતોની એટલી બધી માત્રા જીવનના તથા સમાજના દરેક ક્ષેત્રમાં ભરાઈ ગઈ છે કે તેને બાહ્ય લીંપણ-ગૂંપણથી સુધારી ના શકાય. તેના માટે કોઈ મોટાં પગલાં ભરવાં પડશે. મોટાનું તાત્પર્ય છે - ગાળવું - ઢાળવું જેવા કાર્યક્રમ. ધાતુના તૂટેલા ટુકડાઓ માટે આ નીતિ અપનાવવી પડે છે. તેમને નુકસાનકારક કચરાપટ્ટી બનાવી જગ્યા રોકી અને ઠોકરોના અવરોધ ઊભા કરવા જેવી સ્થતિમાં ના રાખવી હોય તો એક જ ઉપાય બાકી રહે છે કે એકવાર સાહસ એકઠું કરી અને તે કચરાને ભટ્ટીમાં ગાળી, યોગ્ય બીબામાં ઢાળીને એવાં સાધનોમાં તબદીલ કરવામાં આવે, જેમને ઉપયોગી, જરૂરી, મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન કહી શકાય.

લોકચિંતનમાં શ્રેષ્ઠતાની, આદર્શવાદની સ્થાપનાના આ પ્રયાસ પુરુષાર્થને ટૂંકમાં વિચારક્રાંતિ કહી શકાય. આમાં નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રની યોગ્ય વાતોની નાબૂદી અને સત્પ્રવૃત્તિઓની વૃદ્ધિના દ્વિપક્ષીય પ્રયત્નોનો સમાવેશ થાય છે. આપણા સમયની આ સૌથી મોટી જરૂરિયાત છે. ઊંધાને ઊંધું કરી છતું કરી શકાય છે. વિચારોને વિચારોથી જ કાપી શકાશે, કાંટાથી કાંટો નીકળશે અને ઝેરનું મારણ ઝેર જ હશે. અયોગ્ય વિચારણાઓને, તથા રિવાજોને નાબૂદ કરવા માટે માનવીના અંતરને સુસંસ્કૃત કરનાર તે વિવિધ વિભૂતિઓ પ્રાપ્ત કરવી પડશે, જેમને અધ્યાત્મની ભાષામાં શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા કહે છે. પ્રજ્ઞાવિષયક સાહિત્ય આ હેતુ માટે યુગાંતરીય ચેતનારૂપે અત્યારે પ્રગટ થયું છે. દીર્ઘદષ્ટિવાળી વિવેકશીલતાનો પુનર્જન્મ એનું લક્ષ્ય છે. ટૂંકમાં આ પ્રયાસોને લોકમાનસની સુધારણા માટે અગ્રગામી બનાવેલ પ્રચારાત્મક, રચનાત્મક અને સુધારાત્મક પ્રયત્નોનો સમૂહ કહી શકાય. ચિંતનથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચરિત્રનું નિર્માણ થાય છે. મનઃસ્થિતિ પરિસ્થિતિઓની જનની છે. આ વાતને ઉચ્ચ અગ્રિમતા આપી પરિવર્તિત પ્રયત્નોની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

યુગપરિવર્તનના આ પુણ્ય પ્રયાસનો શુભ આરંભ ચિંતન અને ચરિત્રમાં આદર્શવાદ, દીર્ઘદષ્ટિ તથા વિવેકશીલતાનો સમાવેશ કરનાર સ્વાધ્યાયને વ્યાપક બનાવવાની યોજના સાથે કરવામાં આવ્યો છે. નિકૃષ્ટતા સહજ-સાધ્ય છે. પાણી ઢાળ તરફ વહે છે અને વસ્તુઓ ઉપરથી નીચે તરફ પડે છે. મનુષ્ય વિષે પણ આવું જ છે. જો ઉપર ઊઠવું અથવા ઉઠાવવું હોય તો શક્તિશાળી સાધનો એકઠાં કરવાં પડે છે. લોકમાનસમાં શ્રેષ્ઠતાની વૃદ્ધિ માટે આવા જ જોરદાર પ્રયત્નોની અપેક્ષા રાખવામાં આવી છે. ચિંતનને પ્રભાવિત કરનારાં માધ્યમ છે- સ્વાધ્યાય, સત્સંગ, ચિંતન અને મનન. આ ચારેયમાં સ્વાધ્યાય મુખ્ય છે. બાકી ત્રણની વ્યવસ્થા આ પ્રથમ ભાગ પછી જ તૈયાર થઈ શકે.

સ્વાધ્યાયના નામે કથા-પુરાણના પઠન-શ્રવણની પ્રથા ચાલતી રહે છે અને સત્સંગના નામે પરલોક-દેવલોકની વાતો કહેવામાં આવે છે. તેથી આ પુણ્ય- પ્રક્રિયાનો વાસ્તવિક ઉદ્દેશ્ય પૂરો થતો નથી. યુગધર્મની માંગ છે કે વ્યક્તિના જીવનને લગતા વ્યવહારમાં હંમેશાં કામમાં આવનાર અને સમય તથા સમાજને અસર કરનારી તત્કાલીન સમસ્યાઓનાં કારણો અને નિવારણોનો રસ્તો શોધી તથ્ય આધારિત યથાર્થવાદી વિચારણા સાથે સંપર્ક સાધવો.સ્વાધ્યાયની જરૂરિયાત આટલાથી પૂરી નથી થતી.'સ્વ' નો અર્થ છે પોતાનું. 'અધ્યાય'નો અર્થ છે 'અધ્યયન'. જેનાથી પોતાના વ્યક્તિત્વ સંબંધી ઉત્થાન-પતનનું નિરૂપણ થાય તે જ સાહિત્યિક અધ્યયનનું નામ સ્વાધ્યાય છે.

આ ઉદ્દેશ્ય માટે ભ્રાંતિમાં પ્રકાશ ફેલાવનાર તથા વ્યવહારમાં ઉપયોગમાં લઈ શકાય એવું સાહિત્ય આજે અપ્રાપ્ય છે. આ કમીને પ્રજ્ઞા અભિયાને પૂરી કરી છે અને શક્ય હતું તેટલું સાહિત્ય એવું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છાપ્યું છે વ્યાપેલ અંધકારની વચ્ચે દીવાદાંડીની જેમ સર્વસાધારણને માર્ગદર્શન આપી શકે.

અત્યારે સત્સંગની જરૂરિયાત પણ સ્વાધ્યાય જ પૂરી કરે છે, કારણ કે તત્ત્વદર્શનવાળા યુગના બુદ્ધિજીવીઓ સુધી પહોંચવું, તેમની સાથે ઈચ્છિત સમય સુધી પરામર્શ કરવો તે વધતી જતી વ્યસ્તતાના કારણે શક્ય નથી. આપણા અનુકૂળ સમયે ઈચ્છિત વિષય પર ઉચ્ચસ્તરના યુગપુરુષોના  સત્સંગનો લાભ મેળવવો યુગસાહિત્યના માધ્યમથી સરળ બન્યો છે. સત્સંગના નામે ફાલતુ  લોકોનો બકવાસ સાંભળવો અને પોતાનો સમય તથા મગજ ખરાબ કરવું એના બદલે એ જ ઉત્તમ છે કે પ્રજ્ઞા સાહિત્ય ઘેર બેઠા  વાંચવું અને આ માધ્યમ વડે સ્વાધ્યાય અને સત્સંગની ઉભયપક્ષીય જરૂરિયાતો એક સાથે પૂરી કરવી.

લાગે છે કે આ કાર્ય અશક્ય છે. આટલા વિશાળ જનમાનસને પ્રભાવિત કરી તેને સાચી દિશામાં વાળવું મુશ્કેલ તો છે, પરંતુ તેનો ઉપાય સરળ છે. ગાઢ અંધકારને એક ટમટમતો દીવો પડકાર ફેંકી શકે છે.  જાગૃત આત્માઓમાંથી થોડાઘણા સંકલ્પ કરનારા બહાર આવે તો પ્રથમ હરોળમાં ઊભા રહીને મોરચો સંભાળી શકે છે, જેને એકલા હનુમાન દ્વારા આખી લંકા ઉજ્જડ બનાવી દેવાની, એકલા અગત્સ્ય દ્વારા સમુદ્રને શોષી લેવાની તથા એકલા ભગીરથ દ્વારા ગંગાઅવતરણની ઉપમા આપી શકાય. કરવા લાયક કામ એ છે કે જનસમૂહના પ્રવાહને પલટાવી નાખવામાં આવે. ઊંધાને પલટાવીને સીધું કરવામાં આવે. તેનાથી જ જનસમૂહનો સુધાર થઈ શકે. આ વિશાળ યોજનાનો શુભઆરંભ કેવી રીતે કરવો ? તેના માટે ગાંધીજી દ્વારા થોડી વ્યક્તિઓનો સાથ મેળવી મીઠાનો સત્યાગ્રહ શરૂ કરવો અને ફરી એ વિદ્રોહનો વિસ્તાર વધારતાં વધારતાં 'કરો અથવા મરો'ની મહાક્રાંતિ સુધી પહોંચની ભૂતકાળમાં થયેલી ઐતિહાસિક પ્રક્રિયા સ્મરણ કરવામાં આવે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યુગચેતનાને આગળ વધારવાની જવાબદારી મહાકાળે પ્રજ્ઞાપરિવારના જાગૃત આત્માઓના ખભે નાખી છે, તેમને અગ્રીમ મોરચા પર ઊભા કર્યા છે અને લોકમાનસના સુધારની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે પ્રેરિત કર્યા છે. પડકારને સ્વીકારી લઈ પ્રત્યેક સર્જનશિલ્પીએ પોતાનાં કાર્યોનો આરંભ એ રીતે કરવો જોઈએ કે યુગચેતનાને હૃદયંગમ કરાવનાર પ્રજ્ઞાસાહિત્ય વડે પ્રત્યેક માણસમાં પ્રાણ પૂરવાનો પ્રયાસ કરે. તેના માટે ઘેર-ઘેર અહાલેક જગાવો. સ્વાધ્યાય મંડળોની રચના આ દૃષ્ટિથી જ કરવામાં આવી છે.આ કાર્ય કોઈ પણ પ્રકારના અવરોધ વિના, સાચા દિલથી થોડોક પ્રયાસ કરવાથી પણ ચાલી જશે. પોતાના સંપર્કમાં જે પણ વિચારશીલ વ્યક્તિ આવે તેમનામાંથી ઓછામાં ઓછાં પાંચને પ્રજ્ઞાસાહિત્ય નિયમિત રૂપે વંચાવવાનું અને પાછું લઈ વ્રત લે અને તેને નિભાવે. જે દરરોજ અડધો કલાક યુગચેતનાને વાંચે અથવા સાંભળે તે બધાં આ સ્વાધ્યાય સંગઠનના સભ્ય ગણાશે. આ પ્રયત્નને જેટલા ઉત્સાહપૂર્વક જે ક્ષેત્રમાં કરવામાં આવશે ત્યાં તેટલી જ માત્રામાં નવજાગૃતિનાં ચિહ્નો દેખાશે. તેનું કારણ એ છે કે પ્રજ્ઞાસાહિત્ય જે યુગપુરુષ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે તેની શક્તિ અસામાન્ય છે. જે વાંચશે, સાંભળશે તેના જીવનમાં પ્રકાશ ફેલાશે અને પોતાની જાતને બદલવામાં તથા સમાજમાં પરિવર્તન લાવવામાં સુનિશ્ચિત રૂપે સંલગ્ન જણાશે.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભવ્ય નિર્માણનો પ્રારંભિક શિલાન્યાસ

ગત એક હજાર વર્ષનો સમય ચિંતન ક્ષેત્રનો અજ્ઞાનરૂપી અંધકારયુગ કહી શકાય. તેમાં ભ્રમણા, વિકૃતિઓ અને ખરાબ પ્રવૃત્તિઓ એટલી બધી ઘૂસી ગઈ છે કે જેની દુર્ગંધથી સર્વત્ર વિષાકતતા જ ભરેલી દેખાય છે. આજની મુશ્કેલીઓ અને દુઃખો તેની જ ભેટ છે. ચિંતન-ચેતનાના આ સ્વરૂપને જો યથાવત્ રાખવામાં આવે તો તે ઊધઈ પાટડાને કોરી ખાશે. વિષાણુઓનું વર્તુળ જો ફેફસાંમાં ઘર કરી લે તો મોડા-વહેલાં આ સુડોળ કાયાનો અંત આવી જશે. આજનો ચિંતનપ્રવાહ આ પ્રકારનો જ છે. તેના પ્રભાવક્ષેત્રમાં આવ્યા પછી શરીર, મન, પરિવાર, સમાજ બધું જ વિષાકત થતું જાય છે. સમૃદ્ધિ, શિક્ષણ, કળા, સુવિધા-સામગ્રીની આજની અભિવૃદ્ધિને માનવીય ઈતિહાસમાં અદ્ભુત તથા અસાધારણ કહી શકાય. જો ચિંતન પણ માનવીની ગરિમાને અનુરૂપ હોત તો સ્થિતિ એવી હોત કે દેવો પણ ઈર્ષા કરત અને સ્વર્ગ ન્યોછાવર કરી દેત.

આપણા સમયની એક ભૂલ છે - ચિંતનની શ્રેષ્ઠતાને મહત્ત્વ નથી અપાતું. વ્યક્તિને સુસંસ્કારી બનાવવાની જરૂરિયાત અને તેના પરિણામ પર ધ્યાન નથી અપાતું. સુવિધાનાં -સાધનોની જરૂરિયાતનો અસ્વીકાર ન કરી શકાય, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે તેનો ઉપયોગ કરનાર જો નિમ્ન કક્ષાનો હશે તો કશું હાથ નહિ લાગે. તેનો દુરુપયોગ જ થશે. આગની જ્વાળામાં જે સસ્તી-મોંઘી વસ્તુ આવશે તે માત્ર ઈંધણની જેમ જ બળી જશે. નિમ્ન કક્ષાનું ચિંતન અને હલકું વ્યક્તિત્વ હશે તો યોગ્ય રીતથી યોગ્ય પ્રમાણમાં વૈભવ મેળવી નહિ શકાય અને કદાચ જો મેળવી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકશે તો તેનો ઉપયોગ પોતાના માટે કે બીજાના માટે માત્ર સંકટ ઊભું કરવા પૂરતો જ રહેશે. સમૃદ્ધિથી તાત્કાલિક તો કોઈપણ ઈચ્છા પૂરી કરી શકાય, પરંતુ જો તેનું સારું પરિણામ ઈચ્છતા હોઈએ તો એ જરૂરી છે કે પ્રયોક્તાનો દૃષ્ટિકોણ અને પ્રયોગ ઉચ્ચ સ્તરનો હોય.

ચિંતનની નિષ્કૃષ્ટતાના રૂપે જે કચરો ભેગો થયો છે અને જનમાનસને પ્રભાવિત કરે છે તેને સાફ કરવા માટે સામાન્ય ઝાડુ નહિ, પરંતુ તોફાન જેવી આંધીની આવશ્યકતા છે. અત્યારે કુદરતની સંતુલન વ્યવસ્થાએ આવા જ પ્રવાહ ઉત્પન્ન કર્યા છે, જેને વિચારક્રાંતિ અથવા પ્રજ્ઞાઅભિયાન કહી શકાય. તેમાં નવયુગની એવી વિચારધારાને રજૂ કરવામાં આવી છે જે આજની માન્યતાઓ, ટેવો અને પરંપરાઓનું નવેસરથી નિરીક્ષણ અને નિર્ધારણ કરે. યુગાંતરની ચેતનાનાં ભાગરૂપે આવી જ સર્વાંગપૂર્ણ વિચારપ્રક્રિયાનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તેને પ્રજ્ઞાસાહિત્ય રૂપે લોકો માટે રજૂ કરવામાં આવ્યું છે. આ નાના અમથા પ્રયાસ વડે નજીકના ભવિષ્યમાં અકલ્પ્ય અને આશ્ચર્યજનક પરિવર્તન થવાની અપેક્ષા રાખી શકાય.

આ સાવ સસ્તા, સર્વસુલભ પરંતુ ઉચ્ચસ્તરના સર્વથા વ્યાવહારિક, ચિંતનતત્ત્વથી ભરપૂર સાહિત્યને સૌથી વધુ લોકો વાંચે તે એવો ઉપાય છે કે જેના દ્વારા વિચારક્રાંતિની વ્યાપક જરૂરિયાતને સામાન્ય પ્રયત્નોથી જ પૂરી કરી શકાશે. જો આટલું થઈ શકે તો વ્યક્તિનો દૃષ્ટિકોણ બદલાઈ જશે. ચિંતન બદલાઈ જશે, અને તેનો સીધો પ્રભાવ ચરિત્ર પર પડશે. યુગ પરિવર્તનનો આ જ માર્ગ છે, વ્યક્તિ બદલાય તો યુગ બદલાય. આપણે સુધરીએ તો યુગ સુધરશે. આ સુધાર પરિવર્તન જ હાલની અગણિત સમસ્યાનો એક માત્ર ઉપાય છે.

વિચારોની શક્તિ કેટલી પ્રબળ - પ્રચંડ હોય છે તેને વ્યક્તિગત જીવનમાં થયેલ મહાન પરિવર્તન પર દૃષ્ટિપાત કરીએ તો જ સમજી શકાય. નારદના પ્રખર પરામર્શે વાલ્મીકી, ધ્રુવ, પ્રહ્‌લાદ, પાર્વતી વગેરે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનેક લોકોની જીવનધારા બદલી નાંખી. બુદ્ધના સંપર્કમાં આવી અંગુલિમાલ, હર્ષવર્ધન, અશોક વગેરેએ પોતાના પૂર્વજીવનનો કાયાકલ્પ જ કરી નાંખ્યો હતો. સૂરદાસ, તુલસીદાસ વગેરે કેટલાએ પોતાની જૂની કાંચળી ઉતારીને ફેંકી દીધી. સંસારના મહામાનવોમાંથી દરેકની વિચારધારા તોડી- મરોડી નાખવામાં વિચાશક્તિની મુખ્ય ભૂમિકા રહી છે, પછી તે ભલે ગમે ત્યાંથી પ્રાપ્ત થઈ હોય. શંકરાચાર્ય, તુકારામ, ગાંધી વગેરે જન્મજાત એવા ન હતા કે જેવા ઉચ્ચ સ્તરના વિચારોનો આધાર મળવાથી તેમનું જીવન બદલાઈ ગયું અને તેમણે નવો કાર્યક્રમ અપનાવ્યો. આ પ્રક્રિયા દરેક નાના-મોટા મહામાનવના વ્યક્તિગત જીવનમાં ગમે તે માધ્યમથી થઈ છે.

મોટી સામાજિક ક્રાંતિઓના મૂળમાં આવી જ પ્રખર પ્રેરણા કામ કરતી જણાશે, ભલે પછીથી તેનો ઘટનાક્રમ ગમે તે રૂપમાં થયો હોય. સામ્યવાદની વિચારધારાથી આજે સંસારનો અર્ધાથી પણ વધુ જનસમૂહ સમગ્ર રૂપે અથવા આંશિક રૂપે પ્રભાવિત છે. ઘટનાક્રમ પરથી પડદો હટાવીને જોઈએ તો એની પાછળ કાર્લમાર્કસની કલમને ડાઈનેમાઈટની વિશાળકાય સુરંગ જેવી ભૂમિકા ભજવતી જોઈ શકાય છે. તે જ અંગારાએ દાવાનળની જેમ પ્રગટ થઈને વિશ્વના મોટા ભાગને પોતાની જ્વાળામાં લપેટી લીધો છે. લોકશાહીના જન્મદાતા રુસોની કલમ કેવી અદ્ભુત રીતે સમગ્ર સંસારની વિચારસરણીને બદલવામાં સક્ષમ થઈ. કોઈનીય સમજમાં ન આવનારો તદ્દન અશક્ય લાગતો -'લોકો દ્વારા લોકો પર લોકોનું શાસન' સિદ્ધાંત અમલમાં આવ્યો. આ એક જાદૂઈ સ્વપ્ન જેવો ચમત્કાર છે. રુસોની કલમ ના ચાલી હોત તો આજે પણ લોકશાહી કદાચ કોઈ બીજા તત્ત્વદર્શનમાંની એક હોત અને કોઈ પુસ્તકાલયમાં જ શોભતી હોત. જ્યારે આજે રાજમુગટના સ્મશાન પર લોકશાહી વ્યવસ્થા સુરમ્ય ઉદ્યાનની જેમ લહેરાતી જોવા મળે છે. ત્રણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચતુર્થાંશ વિશ્વમાં આજે લોકશાહી શાસનવ્યવસ્થા છે. તેને વિચાર ચેતનાની સ્ફૂરણા કહી શકાય.

અમેરિકામાં ગુલામીની પ્રથાનાં ઊંડે સુધી ગયેલાં મૂળને ઉખેડી નાખવાનું શ્રેય શ્રીમતી સ્ટોના એક પુસ્તક 'ટોમ કાકાની ઝૂંપડી'ને આપવામાં આવે છે. તે ન લખવામાં આવી હોત તો ત્યાં આટલું પ્રચંડ આંદોલન ન થયું હોત અને લાખો લાચાર ગુલામોને કોણ જાણે ક્યાં સુધી પીડામાં સબડવું પડતું. યુરોપને પોપવાદના અંધવિશ્વાસમાંથી મુક્ત કરાવવામાં માર્ટિન લ્યૂથરની ભૂમિકાને અનંતકાળ સુધી યાદ કરવામાં આવશે. ભારતમાં દયાનંદ, વિવેકાનંદ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, તિલક, અરવિંદ વગેરેએ જે વિચાર જનમાનસને આપ્યા તેના માટે અનેક પેઢીઓ તેમની આભારી રહેશે.

ખ્રિસ્તી ધર્મના ફેલાવામાં સંસારની સમગ્ર ભાષાઓમાં ખ્રિસ્તી મિશન દ્વારા કરવામાં આવેલ વિચાર-પ્રસારનું, સાહિત્ય પ્રકાશનનું અનોખું મહત્ત્વ છે. કોઈની વિચારધારાને પ્રભાવિત કરીને જ તેને ઉત્થાન કે પતનના અસામાન્ય માર્ગે ચલાવી શકાય. ગીતા-રામાયણની ભારતીય લોકમાનસ પર એટલી ઊંડી છાપ છે તે જોતાં સાહજિક રીતે સમજી શકાય કે સાહિત્યની કેટલી ક્ષમતા હોય છે. ભારતીય સંસ્કૃતિના રૂપમાં ઋષિઓએ મહાન યોગદાન આપ્યું છે,તેમના દ્વારા રચેલું શાસ્ત્રસાહિત્ય જ છે, જે અનંતકાળ સુધી પોતાનો દિવ્ય આલોક ફેલાવતું રહેશે. તેનું મહત્ત્વ પ્રત્યક્ષ તેમજ સામયિક પ્રવચનો કરતાં ઘણું વધુ છે.

ઉપર્યુક્ત વિવરણ પરથી કોઈપણ વિચારશીલ વ્યક્તિને સમજવામાં મુશ્કેલી ન પડવી જોઈએ કે ઉચ્ચસ્તરના વિચારોને જનજીવનમાં પ્રવેશ કરાવવા માટે આલોકભર્યા સાહિત્યનો કેટલો બધો પ્રભાવ છે. હવે તો સત્સંગ પણ સાહિત્યમાં જ કેન્દ્રીભૂત થઈ ગયો છે. મહાન વિદ્વાનોનું સાંનિધ્ય સદા પ્રાપ્ત ન થવું અને મુદ્રણકળાની શોધ થયા પછી સારું સાહિત્ય સરળતાથી મળવું આ બંને વાતોનો સંયોગ મળીને આ નિષ્કર્ષ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પર પહોંચે છે કે વિચારક્રાંતિ માટે યુગાંતરની ચેતનાને શિક્ષિત લોકો વાંચે અને અભણ લોકો સાંભળે તો જ આ હેતુ પાર પાડી શકાય, જેને 'લોકમાનસનો સુધાર'કહી શકાય. જો ખરેખર આ પ્રક્રિયા ચાલુ થઈ જાય અને તે પ્રયાસ વ્યાપક થઈ શકે તો સમજો કે પ્રજ્ઞા અભિયાન શરૂ કરવાથી દરેકે દરેકના મનને યુગ-ચિંતન સાથે જોડવામાં અને અનિચ્છનીય વાતોથી દૂર કરી ઔચિત્યનું સમર્થક બનાવવામાં સફળતા મળી શકે છે.

છીછરી વ્યક્તિઓનાં છીછરાં પ્રતિપાદનો હાસ્યાસ્પદ બને છે, પરંતુ યુગઋષિઓ કાળમંથન કરી પ્રજ્ઞા સાધનાનો આધાર લઈ જે પ્રતિપાદનો રજૂ કરે છે તેમની બાબતમાં આવું નથી. વિવેકનું સમર્થન મેળવેલા તથ્ય પર આધારિત યુગાંતરની ચેતના હંમેશાં વ્યાપક બનીને સફળ થઈ છે. પ્રથમ તેને બુદ્ધિશાળી લોકો સ્વીકારે છે. ત્યાર પછી સામાન્ય લોકોના ગળે ઊતરવાલાયક બને છે. પ્રભાતનાં કિરણો સૌપ્રથમ શિખર પર ચમકે છે. ત્યારપછી તેના પ્રકાશથી સમગ્ર પૃથ્વી પ્રકાશિત થાય છે. ઋતુપ્રભાવોની ક્ષમતા એવી જ હોય છે કે જડ-ચેતનને તેની ક્ષમતા સ્વીકારવા અને તે અનુસાર પોતાના ક્રિયાકલાપ બદલવા વિવશ થવું પડે છે. વર્ષાઋતુમાં જળ-જંગલ એક થઈ જાય છે અને પૃથ્વી ઉપર લીલી જાજમ પથરાયેલી જોઈ શકાય છે. ઠંડીથી બધા ઠુંઠવાય છે, વૃક્ષ સુધ્ધાં પોતાનાં પાન ગુમાવી દે છે. ગરમીમાં ચક્રવાત ઘુમરાય, આંધી ઊડે છે અને ગરમીથી પ્રાણીઓ હાંફે છે અને મોઢું છુપાવવા છાંયડો શોધતાં જોઈ શકાય છે. વસંત આવી નથી કે વનસ્પતિ ફળોથી લદાઈ જાય છે, પશુ-પક્ષીઓ ઊછળકૂદ કરે છે અને કોયલ-ભ્રમરનાં ઝુંડ પોતાનું ગાન સંભળાવે છે. આ ઋતુપ્રભાવનો ચમત્કાર છે. પ્રચંડ વિચારોના પ્રવાહને પણ આ પ્રકારનો સમજવામાં આવે છે. વાતાવરણ ઊભું થાય તો અનુગામીઓની કમી નથી રહેતી. બુદ્ધને લાખો પરિવ્રાજિક મળ્યા. ગાંધીજીને સત્યાગ્રહીઓની ખોટ નહોતી પડી. રામના દળમાં કોણ જાણે ક્યાં ક્યાંથી રીંછ-વાનર આવી ગયાં. ગોવર્ધન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉઠાવનાર ગોપાલકોનું સંખ્યાબળ, સાહસ અને ઉત્સાહ અદ્‌ભુત હતાં.આને જ કહે છે - ઋતુપ્રભાવ જેવું વાતાવરણ.

સ્વાધ્યાય મંડળોની સ્થાપનાવાળું પ્રજ્ઞા સાહિત્યનું આ ચરણ એવું જ છે, જેની પાછળ યુગાંતરની ચેતનાની અદૃશ્ય પ્રચંડ પ્રેરણા પોતાની પ્રખરતાનો પરિચય આપતી જોવા મળે છે. આ પ્રસંગોનો વિસ્તાર થતાં વાર નથી લાગતી. એક ચિનગારી જોતજોતામાં દાવનળ બની શકે છે અને વિશાળ જગ્યાને ભસ્મીભૂત કરી શકે છે. ઈસુ ખ્રિસ્ત, બુદ્ધ, ગાંધી વગેરેના રૂપમાં શ્રેષ્ઠતાની મુખ્ય ક્રાંતિઓ પણ આંધી-તોફાનની જેમ આવી અને પોતાનો હેતુ પાર પાડીને જ જંપી.આવા મહાન કાર્ય માટે સંકલ્પવાન વ્યક્તિઓ માત્ર શરૂઆત કરે તેટલી જ વાર છે. સંકલ્પની શક્તિ મહાન છે. એ એક નક્કર હકીકત છે કે જે પોતાના સંકલ્પ પ્રત્યે સાચો હશે અને તેના પ્રત્યે નિષ્ઠા, લગની તથા પરિશ્રમનો પરિચય કરાવશે તે સીમામાં બંધાયેલો નથી રહી શકતો. પ્રબળ પ્રેરણા પોતાના સંપર્ક ક્ષેત્રને પ્રભાવિત કરે છે અને અનુયાયી બનાવે છે. મજબૂત મન અને કર્મનું એકીકરણ કરીને ચોર, લબાડ, વ્યભિચારી, દારૂડિયો, જુગારી અને દુર્વ્યસની પણ પોતાની ટોળી બનાવી લે છે અને પરંપરા ચાલુ રાખવામાં સફળ થાય છે, તો એવું કોઈ કારણ નથી કે પ્રાણવાન, નિષ્ઠાવાન અને સંકલ્પવાનને સીમાબદ્ધ બની રહેવું પડે. વંશ-વૃદ્ધિની જેમ વિચાર વિસ્તારનું પણ પોતાનું ક્ષેત્ર છે અને તેમાં પણ સર્જનહારના મૂળ સંકલ્પની જેમ એકમાંથી અનેક થવાનો પૂરેપૂરો અવકાશ છે.

સ્વાધ્યાય મંડળની પ્રક્રિયાના વિસ્તારની વાત વિચારીએ તો તેના માટે પૂરેપૂરો અવકાશ દેખાય છે.લાખો પ્રજ્ઞા પરિજનોમાંથી સો પાછળ એક પુરુષ પણ પ્રજ્ઞાપુત્ર કક્ષાનો હોય અને તે એકમાત્ર સ્વાધ્યાય મંડળ ચલાવે તો ઢગલાબંધ મંડળો બની શકે છે. દરેકના ત્રીસ સભ્યો થાય તો તે પુણ્ય હેતુ માટે વ્યસ્ત રહેનારી વ્યક્તિઓની સંખ્યા કરોડોમાં થઈ જાય. આટલી વ્યક્તિ એકથી પાંચનો કૂદકો માત્ર ત્રણવાર લગાવે તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેની અંતર્ગત સંસારમાં વસતો માનવસમૂહ સરળતાપૂર્વક આવી શકે. સ્વાધ્યાય એક વ્યક્તિ સુધી મર્યાદિત હોય તો તે નગણ્ય હોઈ શકે, પરંતુ જો તેની સાથે એકથી પાંચના વ્યાપવાળી ચક્રવૃદ્ધિ પ્રક્રિયા જોડાઈ જાય તો સમજવું જોઈએ કે આપણી ઉપયોગિતા અને શ્રેષ્ઠતાના કારણે તેને વિશ્વવ્યાપી બનાવવાની પૂરેપૂરી શક્યતા છે. શરૂઆતમાં જ આપણા પ્રયત્નો વેરવિખેર થઈ જાય અને હોળીનો અગ્નિ હોલવાઈ જાય તો નિરાશા મળી શકે છે.

યાદ રહે કે આ વાત ભજન-પૂજનની જેમ સ્વાધ્યાય રૂપે માત્ર પાનાં ફેરવવાની ચિહ્નપૂજા કરવા જેવી નથી. તેની પાછળ વાંચનારને હચમચાવી નાખનાર અને બેઠા કરી દેનારી પ્રભાતકાળ જેવી ઊર્જા અને પ્રેરણા છે. જે લોકો પ્રજ્ઞા સાહિત્ય નિયમિતરૂપે વાંચશે તે કંઈક નવી રીતે વિચારશે અને અંતે "આપણે બદલાઈશું અને સાથે સાથે યુગ બદલાશે"ની ભૂમિકા ભજવતો જોવા મળશે. તે વિચારણાને જ જીવંત કહી શકાય, જે કાર્યના રૂપમાં વિકસે. તે જ બીજ વખાણવાલાયક છે કે જે અંકુરિત થવાના સમયે પોતે જીવંત હોવાનું પ્રમાણ પૂરું પાડે. યુગાંતર ચેતના એ દૃષ્ટિએ પ્રાથમિક પરીક્ષામાં સફળ થઈ ચૂકી છે. તેનાથી ઉત્પન્ન થયેલો પાક લાખો દાણાના રૂપમાં આપણે જોઈ શકીએ છીએ. પ્રજ્ઞા પરિવારના લાખો સભ્યો આ વાતના સાક્ષી છે કે તેમને યુગસાહિત્યના માધ્યમ વડે મળનારી ઊર્જાએ કેટલા નરમ-ગરમ કર્યા છે અને તેમનામાં પરિવર્તન લાવી ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા છે. તે સાક્ષીઓ પર કોઈને વિશ્વાસ હોય તો તેણે એ પણ જાણવું જોઈએ કે પ્રજ્ઞા સાહિત્યના સ્વાધ્યાયનું ચલણ જો નાના શ્રીગણેશથી શરૂ થઈને ધીમેધીમે સૌથી વધુ વ્યાપક અને વિશાળ થતું જાય તો તેની શું પરિણતિ થઈ શકે ? સર્જનહારનો સંકલ્પ 'હું એકમાંથી અનેક થાઉં'ની જેમ વંશવૃદ્ધિની સર્વત્ર જોવા મળતી પ્રક્રિયા વિચાર વિસ્તારને પણ લાગુ પડ્યા વિના નથી રહેતી. શરત માત્ર એક જ છે કે તેના મૂળમાં તથ્ય અને સત્ય હોય અને તેને જ્વલંત કરવા પ્રાણવાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊર્જા સ્રોત જેવું વ્યક્તિત્વ હોય. સ્વાધ્યાયમંડળની સ્થાપના પાછળ આ બધા આધાર રહેલા છે.

માત્ર શ્રીગણેશ કરવાની જ વાર છે. બ્યૂગલ વગાડવાની જ વાર છે. સમયની માંગ, માનવી ગરિમાનો પોકાર એક સુસજ્જ સેનાની જેમ કમર કસીને ઊભો છે. તેને પ્રયાણ કરવાનો હુકમ મળવાની જ વાર છે. ચતુરંગીસેના ક્યાંથી કયાં પહોંચી જશે અને શું નું શું કરી નાંખશે તે આપણી આંખો જોઈ શકશે અને તે દશ્યોનો જાદુ કે ચમત્કાર જેવો અનુભવ કરી શકે છે. આ દષ્ટિથી જ સ્વાધ્યાયમંડળોની સ્થાપનાનું કામ પ્રજ્ઞા પરિજનોને સોંપવામાં આવ્યું છે કે તેને કલ્પવૃક્ષના ઉદ્યાનનું બીજારોપણ માની સહેલાઈથી કરી શકે અને નવસર્જનમાં પોતાની ભાગીદારીનો એક ઐતિહાસિક અધ્યાય જોડી શકે.

✱



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સ્વાધ્યાય મંડળ - નાનાં પ્રજ્ઞા સંસ્થાન

પ્રજ્ઞા સંસ્થાન ૨૪૦૦ થી વધીને ૪૦૦૦ ની આસપાસ થઈ ગયાં છે. પ્રજ્ઞા પરિવારના અસંખ્ય આત્માઓ એવા છે, જેઓ ઈમારત બનાવવા માટે જરૂરી સહયોગ અને સાધનો મેળવી નથી શક્યા. એકલા હાથે કરેલા પ્રયત્નોથી એ પ્રક્રિયા થઈ શકતી નહોતી. આ અવઢવને દૂર કરવા માટે અસંખ્ય પ્રજ્ઞા - પુત્રોએ પોતાની મહેનતથી કોઈ ચિરસ્મરણીય રચના ઊભી કરી શકવાની દૃષ્ટિથી આ વર્ષે સ્વાધ્યાય મંડળોની સ્થાપનાનું અભિયાન ચલાવવું જોઈએ. તેમને બીજા શબ્દોમાં ઈમારત વિનાનાં પ્રજ્ઞા સંસ્થાન જ કહેવાં જોઈએ, કારણ કે તેમને પણ નાના સ્વરૂપમાં તેવી જ જવાબદારી નિભાવવી પડશે, જે મોટી શક્તિપીઠ કે પ્રજ્ઞાપીઠને શરૂઆતમાં નિભાવવાનું કહેવામાં આવ્યું હતું અને અત્યારે પણ કહેવામાં આવે છે.

એકવીસમી સદીના આ પાંચમા વર્ષમાં ૨૪ હજાર સ્વાધ્યાય મંડળોની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ નાના સર્જનને કોઈ પણ ભાવનાશીલ પ્રજ્ઞાપુત્ર સહજ રીતે પોતાના એકાકી બળના આધારે પૂરું કરી શકે. તેની સાથે જોડાયેલી જવાબદારીઓને કશી મુશ્કેલી વિના સારી રીતે અદા કરી શકે છે. આ દરેક જાગૃત આત્માની પ્રખરતા તથા પ્રતિભાને પારખવાની કસોટી છે, જેમાં તપાસ કરવામાં આવે છે કે શું તે પ્રવાહમાં તણાઈ જનારું તણખલું માત્ર છે કે તેનામાં કંઈ દમ છે. સમૂહમાં ખબર નથી પડતી. ગધેડા -ઘોડા બધા એક જ લાઈનમાં ચાલે છે, પણ જ્યારે તેમને અલગ રીતે ઘોડાદોડમાં પોતપોતાની વિશેષતા દેખાડવાનો મોકો મળે ત્યારે ખબર પડે છે કે કોણ કેટલા પાણીમાં છે. વ્યક્તિગત પ્રતિભા અને શ્રેષ્ઠતા મોટેભાગે સમૂહમાં પ્રગટ નથી થતી અને સફળતાનું શ્રેય મોટેભાગે બધામાં વહેંચાઈ જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈમારત વગરનાં પ્રજ્ઞા સંસ્થાન, સ્વાધ્યાય મંડળ બનાવવા અને તે ચલાવવા માટેની લગની, સેવા અને તત્પરતાની દૃષ્ટિએ સ્પષ્ટપણે ભેદ પડી જાય છે. "એકલો જાને રે...." રવીન્દ્રનાથનું ગીત આવા પ્રસંગોએ માત્ર સાહસ નથી પૂરું પાડતું, પરંતુ આત્મવિશ્વાસ પણ પેદા કરે છે. સર્જનનો શુભ આરંભ અને તેને પૂર્ણતા સુધી પહોંચાડનાર પ્રયાસ જ માનવી પ્રતિભાનો માપદંડ છે. સંકલ્પ ત્યારે જ સાર્થક થાય છે કે જ્યારે પ્રજ્ઞા પરિજનો પોતે સ્વાધ્યાય પ્રત્યે ઉત્સાહ દેખાડે. પોતાનું વ્રત પાળવાથી જ બીજા ઉપર પ્રભાવ પાડનારું આત્મબળ વધે છે અને વાણીના પ્રભાવની ક્ષમતા શોભી ઊઠે છે. આપણા સંપર્ક ક્ષેત્રમાંથી ચાર એવી વ્યક્તિઓ જે મંડળના નિષ્ઠાપૂર્વક સભ્યપદ માટે સંમત થાય તેમને કાઢવી મુશ્કેલ નથી. આટલું પણ જો થઈ જાય તો સમજવું કે પ્રારંભિક રચના પૂરી થઈ.

શરૂઆતમાં આ સમુદાયને જૂની અખંડજ્યોતિ, પ્રજ્ઞા અભિયાન, યુગનિર્માણ યોજના, યુગશક્તિ ગાયત્રી વગેરે પુસ્તિકાઓથી પણ સ્વાધ્યાયનો શુભારંભ કરાવી શકાય. થોડાં ઘણાં પુસ્તકો પણ યુગ સૈનિક પાસે હોઈ શકે અને જો ના હોય તો બીજા પાસેથી માગી શકાય છે. તેમને અદલાબદલી કરીને વાંચવાનો નિયમિત ક્રમ ચાલુ રહે તો સમજવું કે સ્વાધ્યાય મંડળનું કામ પરંપરા મુજબ ચાલવા માડ્યું, પરંતુ આ કાયમી વ્યવસ્થા નથી. તેને માટે ખરીદવાનો ખર્ચ કરવો પડશે. તેની વ્યવસ્થા એવી રીતે થઈ શકે કે મંડળના કર્તાહર્તા તથા પાંચ નિષ્ઠાવાન સભ્યો પોતપોતાને ત્યાં જ્ઞાનઘટ રાખે અને તેમાં દૈનિક રકમ જમા કરે. સુડતાલીસ વર્ષ પહેલાં જ્યારે યુગનિર્માણ યોજનાનો પ્રારંભ થયો હતો ત્યારે સભ્યોની સભ્ય ફી "દસ પૈસા" અને "એક કલાક" નો સમય દરરોજ આપવાની શરત મૂકી હતી. પ્રામાણિક સભ્યો ત્યારથી લઈને આજ સુધી તે સોગંદનું પાલન પોતાના સામર્થ્ય અનુસાર કરી રહ્યા છે. આસ્થા વિનાના હોય તેમની વાત જુદી છે, જેઓ થોડાક સમયમાં જ પોતાનું કર્તવ્ય ભૂલી જાય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. હવે સુડતાલીસ વર્ષોમાં મોંઘવારી ક્યાંથી ક્યાં પહોંચી ગઈ છે. આ પરિસ્થિતિમાં જ્ઞાનઘટની રકમ વધારીને એક રૂપિયો કરવામાં આવી છે તો તે પણ ચાલુ રાખવી જોઈએ. સ્વાધ્યાય મંડળના નિષ્ઠાવાન પાંચ સભ્યો પોતાના જ્ઞાનઘટમાં રોજ એક રૂપિયો નાંખે તો મહિને ૧૫૦ રૂપિયા થઈ જાય. આટલાથી ત્રીસ સભ્યોને પૌષ્ટિક આધ્યાત્મિક ભોજન નિયમિતરૂપે મળવાનું ચાલુ થઈ જશે. ભૂખ વધશે તો તેની પણ વ્યવસ્થા થશે, પરંતુ શરૂઆતમાં આ યુક્તિ અજમાવવા માટે મંડળની પ્રારંભિક વ્યવસ્થા પાંચ જ્ઞાનઘટની રકમથી જ થઈ શકે છે અને એક સુનિશ્ચિત રચનાત્મક કાર્ય વ્યવસ્થિત રીતે ચાલી શકે છે. સ્વાધ્યાય મંડળોની પ્રજ્ઞા સંસ્થાનોના રૂપમાં ભૂમિકા હોવી તે તેનાથી આગળની વાત છે. ઈમારત વિનાનાં આવાં પ્રજ્ઞા સંસ્થાનોને એક પ્રકારનાં નાનાં ટ્રસ્ટ કહી શકાય. તેથી તેમની જવાબદારી પણ તેવા પ્રકારની જ છે, જેવી મોટા માટે, મોટા સ્વરૂપમાં, મોટા ક્ષેત્રમાં નક્કી કરવામાં આવી છે. પાંચ નિષ્ઠાવાન સભ્યો એક રીતે ટ્રસ્ટી જ છે. સૂત્ર સંચાલક, કાર્યવાહક, મેનેજિંગ ટ્રસ્ટી કે અધ્યક્ષ તે છે, જેણે મંડળનો શુભઆરંભ કર્યો હોય અને પોતે મોખરે રહીને સહયોગીઓનો એક પરિવાર બનાવ્યો હોય. સૂર્ય પણ આવું જ કરે છે. તેનો સંબંધ નવ ગ્રહો સાથે છે. આ ગ્રહોના પોતપોતાના ચંદ્રમા છે. તેવી જ રીતે સ્વાધ્યાય મંડળને એક સૌર પરિવાર અને નાના સભ્યોને ઉપગ્રહ કહી શકાય. સ્વાધ્યાયમંડળના સ્થાપકને આ પરિવારનો સૂર્ય કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

પ્રજ્ઞા સંસ્થાનનું પ્રથમ કામ પોતાના વિસ્તારના દરેક શિક્ષિતને ઘેર બેઠા નિયમિત રૂપે પ્રજ્ઞા સાહિત્ય વંચાવવું અને પાછું મેળવવું તે છે.તેના માટે ઝોલા પુસ્તકાલય ચલાવવાનું છે. બીજા ચાર કાર્યક્રમો આના પછીના છે. સ્વાધ્યાય મંડળોને પણ તે ક્રિયાવિધિને અપનાવવા માટે ઝોલા પુસ્તકાલય ચલાવવાનું કહેવામાં આવ્યું છે. સંસ્થાપકે સ્વાધ્યાયની નિયમિતતા સોગંદપૂર્વક મુખ્યમંત્રી કે વડાપ્રધાનની જેમ જાળવવી પડે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. પાંચ સભ્યોનું મંત્રીમંડળ તેવું જ વ્રત લે છે. એ પાંચેય સભ્યો જો સંકલ્પનું પાલન કરશે તો જ તેની સાથે સંકળાયેલ અન્ય પાંચ -પાંચ સભ્યો પણ તે નિયમ જાળવશે. મૂળ જ સુકાઈ જાય તો પછી ડાળીઓ અને પાંદડાંઓનો તો ઈશ્વર જ બચાવે. પ્રજ્ઞા અભિયાનનો આધારસ્તંભ સ્વાધ્યાય છે. આ વ્યવસ્થા ન જળવાય તો સમજવું જોઈએ કે આધારસ્તંભ વિનાનું શરીર લટકી રહ્યું છે. સ્વાધ્યાય મંડળ નાનાં છે તો શું થયું, તે નિયમિત રૂપે અવશ્ય ચાલવાં જોઈએ.

બીજા, ત્રીજા તથા ચોથા કાર્યક્રમનો રસ્તો બધા માટે ખુલ્લો છે. બીજું ચરણ સત્સંગ છે, ત્રીજું સંગઠન. નાના સ્વરૂપમાં જન્મદિવસના ઉત્સવની પ્રક્રિયા અપનાવવાથી જ ચાલુ થઈ જશે. આવા નાના આયોજનમાં સત્સંગ તો મુખ્ય છે, પરંતુ સાથે સાથે એક વિચારધારાવાળા લોકો જ્યારે એક ઉદ્દેશ્યથી એક જગ્યાએ એકઠા થાય છે તો સહજ રીતે સંગઠન થવા લાગે છે. સ્વાધ્યાય મંડળોએ પ્રજ્ઞાસાહિત્યના પઠન-પાઠનના ક્રમને ચલાવવાની સાથે સાથે સભ્યોના જન્મદિવસ ઊજવવાની સત્સંગ પ્રક્રિયાને પણ તેટલા જ ઉત્સાહથી ચલાવવી જોઈએ. જો પોતાના જ મંડળની વાત કરીએ તો ત્રીસ સભ્યોના બાર મહિનામાં ત્રીસ જન્મદિવસ ઉજવાય તો એક મહિનામાં સરેરાશ અઢીની થઈ. આટલાં આયોજન થાય તથા સભ્યગણ એકબીજાના ઘેર જાય તો આત્મીયતા નિશ્ચિત રૂપે વધશે અને ઘનિષ્ઠતાનું, સંગઠનનું વાતાવરણ બનતું જશે. પછી દરેક જન્મદિવસના ઉત્સવમાં મિત્રો, પડોશીઓ, સ્વજનો તથા સંબંધીઓને બોલાવવાનો ક્રમ પણ ચાલુ રહે છે. આ રીતે સભ્યો અને બીજા સંબંધીઓ મળી સ્વાભાવિક રીતે પચાસ - સોનો સમૂહ થઈ જાય છે અને તેમાં સત્સંગ પ્રક્રિયા સારી રીતે ચાલુ રહી શકે છે. ગાયત્રી યજ્ઞ અને જન્મદિવસનું ધાર્મિક ક્રિયાકાંડ તો થશે જ, પરંતુ સાથેસાથે સ્થાનિક લોકોનાં સંગીત પ્રવચન પણ થાય તો હાજર રહેલાઓને મિશન વિષે વધુને વધુ જાણવા મળે,તેઓ આપણા સંપર્કમાં આવે અને લાભ લેવાનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મોકો મળે. જો ટેપરેકોર્ડર, સી.ડી. પ્લેયર તથા ટેલિવિઝનની વ્યવસ્થા હોય તો શાંતિકુંજથી મોકલાવેલ યુગસંગીત અને પ્રવચન પણ સંભળાવી શકાય. પ્રજ્ઞા સાહિત્યનો કોઈ ભાગ પણ વાંચીને સંભળાવી શકાય.

એ વાત ચોક્કસ છે કે પ્રજ્ઞા સંસ્થાનની ઈમારતોમાં પ્રતિમાઓ પાછળ હજારો - લાખોનું ધન ખર્ચાયું છે. સ્વાધ્યાય મંડળના પાંચ નિષ્ઠાવાન સભ્યોના જ્ઞાનઘટમાંથી પોતાની અર્થવ્યવસ્થા ચાલતી હોય તો તેમને કશું કહેવાનું રહેતું નથી. લાચારીમાં આટલુંય ઘણું છે, પરંતુ જો તેમનામાંથી કોઈ પ્રતિભાવાન હોય તો થોડી વધુ અર્થવ્યવસ્થા કરે અને એવાં સાધનો એકઠાં કરે, જે કિંમતમાં સસ્તાં હોવા છતાં લોકમાનસના સુધાર માટે ખૂબ જરૂરી છે. તેમને પ્રજ્ઞા અભિયાનની આલોક વિતરણની યોજનાનાં અભિન્ન અંગ માનવામાં આવ્યાં છે. આ ચાર સાધનો છે - (૧) જ્ઞાનરથ (૨) ટેલિવિઝન (૩) સી.ડી. પ્લેયર (૪) લાઉડસ્પીકર. આ બધાં સાધનો એક એક કરીને અથવા એક સાથે ખરીદવા માટે જેટલા પૈસાની જરૂર છે તે એવી નથી કે ત્રીસ સભ્યોનો પરિવાર એક સાથે હળીમળીને ઉત્સાહભર્યા ઉમંગથી પૂરી ન કરી શકે. આશા રાખવી જોઈએ કે સંસ્થાનની ઈમારત ન બને તો પણ તેના આત્માનું નાનું સંસ્કરણ એવાં ઉપર્યુકત ચાર સાધનો પ્રત્યેક જીવંત પ્રજ્ઞા સ્વાધ્યાય મંડળ ગમે ત્યારે પણ વસાવી લેશે. પ્રજ્ઞા સાહિત્ય ભૂતકાળમાં ઢગલાબંધ છપાયું છે. દરમહિને નવું પણ છપાતું રહે છે. તેમાંથી ક્યા ક્રમ પ્રમાણે શું મંગાવવામાં આવે તે ઝંઝટમાં પડ્યા વગર એ જ યોગ્ય છે કે ગાયત્રી તપોભૂમિ, મથુરાના સરનામે પત્ર લખી સાહિત્યની યાદી મંગાવી લેવામાં આવે.તેમાંથી પસંદ કરેલાં પુસ્તકો મથુરાથી મંગાવી લેવાં જોઈએ કે જેથી સભ્યોને વાંચન -શ્રવણની નિશ્ચિત સુવિધા મળતી રહે.

મિશને ભવિષ્યમાં નિરક્ષરતા, ગરીબી, બીમારી જેવી સમસ્યાઓ સામે ઝઝૂમવાનું છે. સંકુચિત સ્વાર્થવૃત્તિ, વિલાસીપણું તથા અહ્મના કુચક્રના દળદળમાં ફસાયેલી જનચેતનાને બહાર લાવવાની છે. ગુનાઓ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને હુમલાઓના આતંક સમાપ્ત કરવાનો છે. અનિચ્છનીયતા, અનૈતિકતા, મૂઢ માન્યતા તથા અંધ પરંપરાના ચક્રવ્યૂહને તોડવાનો છે. આ સુધારા માટે ભટ્ઠી ગરમ કરનારો અને અયોગ્ય રિવાજો દૂર કરનારો પક્ષ થયો. આ સામગ્રીને નવા બીબામાં ઢાળવાની છે. એક નવા યુગનું, નવા સમાજનું, નવા માનવનું, નવા દૃષ્ટિકોણનું એવું નિર્માણ કરવાનું છે, જેને યુગનિર્માણ કહી શકાય. શ્રેષ્ઠ ચિંતન, આદર્શ ચરિત્ર, નીતિપૂર્ણ વ્યવહાર અને ક્ષતિ પૂરી કરી શકનાર બહુમુખી સર્જનકાર્ય જેવી અનેક જરૂરિયાતો પણ પૂરી કરવાની છે. શસ્ત્રક્રિયા દ્વારા માત્ર બગાડ કાઢવાની જ નહિ, પરંતુ ઘાને યોગ્ય રીતે રૂઝવવાની પણ ચિકિત્સકની જવાબદારી છે. સ્વાધ્યાય મંડળોની સ્થાપનાની સાથેસાથે સમગ્ર પરિવર્તન માટે સમર્થ વિચારક્રાંતિનો શુભ આરંભ નવી રીતે, નવા રૂપમાં કરવામાં આવી રહ્યો છે. જાણી લેવું જોઈએ કે અંકુર ફૂટશે, છોડ લહેરાશે, ઘટાદાર વૃક્ષ થશે, ફળ-ફૂલોથી લચી પડશે. સ્વાધ્યાય મંડળના શ્રીગણેશ વ્યક્તિનિર્માણ, પરિવાર નિર્માણ અને સમાજ નિર્માણના રૂપમાં દેખાશે. જાગૃત યુગચેતના તે કાર્યક્રમોને હાથ ધરશે અને પૂરા કરીને જ જંપશે, જે ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે અનિવાર્યરૂપે આવશ્યક છે. પ્રજ્ઞા અભિયાનના સંચાલકોએ સ્વાધ્યાય મંડળોની સ્થાપનાની સાથે એવાં જ સ્વપ્નો જોયાં છે અને સંકલ્પ કર્યો છે. તે પૂરો થવાની પ્રતીક્ષા તે બધા જ લોકો કરે છે, જેમને મિશન પાછળ સર્જનહારની મહત્ત્વની પ્રેરણા અને યોજના હોવાનો વિશ્વાસ છે. સંચાલકોએ આ કારણથી જ સ્વાધ્યાય મંડળોને પ્રજ્ઞા સંસ્થાન જેટલાં જ મહત્ત્વનાં માન્યાં છે, કારણ કે તે નાનાં હોવા છતાં પણ ઉદ્દેશ્ય અને કાર્યક્રમની દૃષ્ટિએ મોટા પ્રજ્ઞા સંસ્થાનથી પણ વધારે મહત્ત્વનાં છે. એકાકી પ્રયત્નથી અને ઓછા લોકોની સંપૂર્ણ જવાબદારી અને મનોયોગ દ્વારા ચલાવવાના કારણે તેમનું મહત્ત્વ કોઈ પણ રીતે ઓછું આંકી શકાય નહિ. શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠની વ્યવસ્થા, નિર્માણ અને સંચાલન ખૂબ જ શ્રમસાધ્ય, વ્યયસાધ્ય તેમજ કાનૂની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગૂંચવાડાઓથી ભરેલું છે. ટ્રસ્ટીઓની શ્રદ્ધા, નિષ્ઠા અને આર્થિક પારદર્શિતા પણ જરૂરી છે. પરિજનોની પ્રામાણિકતા આ સંદર્ભમાં ખૂબ જરૂરી છે. તે ઘણીવાર ન હોવાથી પ્રજ્ઞા સંસ્થાન માત્ર ઈંટ- પથ્થરની ઈમારત અથવા નિર્જીવ મંદિર બનીને રહી જાય છે અને ત્યાંથી મિશનની કોઈ કાર્યવાહી નથી થતી. તેના અભાવે મહાકાળનો ઉદ્દેશ્ય પૂરો નથી થતો. તેથી જ તેમણે અસ્થિ-માંસવાળી શક્તિપીઠની રચના કરવાની વાત કરી. તે ભાવનાને અનુરૂપ સ્વાધ્યાય મંડળોની સ્થાપના ખૂબ જ વ્યાવહારિક અને અનેક મુશ્કેલીઓથી દૂર રાખનારી એવી યોજના છે, જેનાથી પરિજનોના અહંકાર અને લોકૈષણાના પિશાચને હટાવવામાં સફળતા મળે છે. આમ ૨૪૦૦૦ સ્વાધ્યાય મંડળોની સ્થાપનાનું લક્ષ્ય છે. તે સિદ્ધ કરવા માટે તમામ પ્રાણવાન પ્રજ્ઞાપુત્રોને વિશેષ આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે કે તેઓ આ જવાબદારી નિભાવવા માટે અગ્રેસર થાય અને પોતાના વિસ્તારમાં આવી સ્થાપના કરવા માટે પરિવ્રાજકોની જેમ ભ્રમણ કરે, અલખ જગાવે અને હજારી ખેડૂતનું ઉદાહરણ પૂરું પાડે.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રજ્ઞા સંસ્થાનનો પ્રાણ - પંચસૂત્રી કાર્યક્રમ

હાલમાં પ્રજ્ઞા સંસ્થાનોની વ્યાપક સ્થાપના થઈ છે. મોટી ગાયત્રી શક્તિપીઠો બની છે. પ્રજ્ઞાપીઠોનું નિર્માણ થયું છે. ઘરમાં પ્રજ્ઞા મંદિર તૈયાર થઈ રહ્યાં છે તથા નિષ્ઠાવાન ઉપાસકો દ્વારા પોતાના પ્રયત્નથી સ્વાધ્યાય મંડળો રચાયાં છે. આ બધાની ગણના પ્રજ્ઞા સંસ્થાનમાં થાય છે. આ બધા માટે આરંભિક કાર્યપદ્ધતિ એકસરખી જ છે. તેનું પ્રથમ સોપાન પંચસૂત્રી યોજનાને કાર્યન્વિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. બધાં સંસ્થાન પોતપોતાની શક્તિ અનુસાર તેમને વ્યાપક બનાવે, પરંતુ એ ધ્યાન રાખવાનું છે કે તેને કાર્યાન્વિત કરવાના પ્રયત્નો અનિવાર્યરૂપે ચાલવા જોઈએ. કોઈ પણ નાના-મોટા સંગઠને તેની ઉપેક્ષા ન કરવી જોઈએ.

અત્યારે લોકમાનસનો સુધાર અને સત્પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ આ બે જ લક્ષ્ય આપણી સામે છે. તેની સિદ્ધિ માટે યુગાંતરની ચેતનાનો પ્રકાશ દરેક વ્યક્તિના મન સુધી પહોંચવું જોઈએ. ઘેર ઘેર અલખ જગાવવો જોઈએ. જ્યાં આ પ્રક્રિયા ચાલતી હશે ત્યાં મિશનને ચોક્કસ જનસમર્થન મળશે. જનસમર્થનથી જ જનસહયોગ મળે છે. પ્રજ્ઞામિશને આ મુશ્કેલીઓ સામે ઝઝૂમવા તથા ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરવા માટે જે કાર્યક્રમો બનાવ્યા છે તેની પૂર્તિ માટે જનસહયોગ આવશ્યક છે. તે પ્રાપ્ત થશે તો જ સમયની વિકૃતિઓને મૂળમાંથી ઉખાડી નાખી તેને સ્થાને શ્રેષ્ઠ આદર્શવાદની સ્થાપના કરવાનું શક્ય બને. ભવિષ્યમાં યુગપરિવર્તન અને નવનિર્માણની દૃષ્ટિએ ઘણું બધું કરવાનું બાકી છે. આ બધાં કામ એવાં છે કે જે એકલા હાથે થઈ શકે તેમ નથી. તેના માટે ભાવભરેલી જનશક્તિ જોઈએ. તેની મદદથી જ સેતુબંધ બંધાયો,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગોવર્ધન ઉંચકાયો, સ્વરાજ મળ્યું તથા બીજાં મહત્ત્વનાં કાર્યો થયાં. લોકોનો સહયોગ પ્રાપ્ત કરવા માટે જનજાગૃતિનું કામ હાથ ધરવું પડશે. આ હેતુની પ્રાથમિક પૂર્તિ પ્રજ્ઞા સંસ્થાનો માટે અનિવાર્ય જાહેર કરવામાં આવી, જે પંચસૂત્રી યોજના દ્વારા જ પ્રાપ્ત થઈ.

પંચસૂત્રી યોજનાનાં પાંચેય અંગ શક્તિપીઠના પાંચ પ્રાણ જેવાં છે. તેમના વિના એમાં જીવન અને જાગૃતિ નહિ આવી શકે. નિષ્પ્રાણ શક્તિપીઠ બીજાં દેવાલયોની જેમ આ મિશનના માથે કલંક લગાડશે. તેથી જે લોકોએ પ્રજ્ઞા સંસ્થાન તૈયાર કર્યાં છે તેઓ પંચસૂત્રી કાર્યક્રમોના સંચાલનમાં એક પગલું આગળ વધે.

(૧) **ઝોલા પુસ્તકાલય** - પોતાના વિસ્તારના દરેક શિક્ષિતને ઘેર બેઠાં નિયમિત રીતે, વિના મૂલ્યે પ્રજ્ઞા સાહિત્ય વંચાવવું અને પાછું લેવાની ક્રિયા આના માધ્યમથી જ પૂરી થાય છે. ઘેર-ઘેર, દરેક વ્યક્તિ સુધી યુગાંતરની ચેતનાનો અલખ જગાવી આલોક પહોંચાડવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે કે શિક્ષિત લોકો સાહિત્ય વાંચે અને અશિક્ષિતોને સંભળાવે. ઝોલા પુસ્તકાલય આ અમૃત વહેંચવાનું અભિયાન છે.

સ્વાધ્યાય મંડળના તમામ સભ્યો ઓછામાં ઓછો એક રૂપિયો દરરોજ ભોજન કરતા પહેલાં જ્ઞાનઘટમાં નાંખે. મહિનામાં ત્રીસ રૂપિયાનું યુગ સાહિત્ય ખરીદીને પોતાની પાસે રાખે. પોતાના પરિચિતોમાં સ્વાધ્યાય પ્રત્યે રુચિ જાગૃત કરે, તેમને નિયમિત સાહિત્ય આપવાનો અને પાછું મેળવવાનો ક્રમ જાળવે. જે લોકો સાહિત્યના સ્વાધ્યાયમાં રસ લે તેમને જ્ઞાનઘટ રાખવાની અને દરરોજ એક રૂપિયો તેમાં નાંખવાની પ્રેરણા આપે અને મહિનાનું ત્રીસ રૂપિયાનું યુગસાહિત્ય મંગાવી પોતાના પરિચિતોને નિયમિત સાહિત્ય આપી અને પાછું મેળવવા માટે પણ પ્રેરણા અને સહકાર આપે. આ ક્રમ હંમેશાં ચાલતો રહે તો ખૂબ જ ઝડપથી સ્વાધ્યાય કરનારાઓની સંખ્યામાં વધારો થશે. પ્રતિષ્ઠિત, પ્રામાણિક અને સેવાભાવી વ્યક્તિ સેવાકાર્યમાં રસ દાખવે તો સામાન્ય લોકોને આ સાહિત્યના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વાધ્યાયનું મહત્ત્વ પણ સમજાશે અને તેનું જોઈને તેઓ પણ ઝોલા પુસ્તકાલય ચલાવવા માંડશે. સેવા નિવૃત્ત તથા વ્યવસાય અને પરિવારની જવાબદારીઓમાંથી મુક્ત હોય તેવા લોકો માટે તો આ ખૂબ મહત્ત્વપૂર્ણ સેવાકાર્ય છે.

(૨) જ્ઞાનરથ - રબરના ચાર પૈડાંવાળા સ્ટૉલ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ફરતા હોય છે. સડક,માર્ગો પર, બજારમાં વિવિધ પ્રકારની ડિઝાઈનોવાળી ઠેલણગાડીઓ ફેરિયાઓ ચલાવે છે. તેમાંથી જ કોઈ યોગ્ય ડિઝાઈન પસંદ કરી અથવા પોતાની જરૂરિયાત મુજબ કોઈ ડિઝાઈનવાળી ઘરેલુ ગાડી બનાવી શકાય. કાચના ઢાંકણવાળો, આકર્ષક પ્રદર્શન અથવા ઉદ્દેશ્ય પૂરો કરી શકાય એવો સુસજ્જ જ્ઞાનરથ ના બની શકે તો શાકભાજીવાળા જેવી ખુલ્લી ગાડી ખૂબ ઓછી કિંમતે તૈયાર થઈ શકે. તડકો, ગરમી અને ભેજથી સુરક્ષિત રાખવા માટે તેના ઉપર પારદર્શક પ્લાસ્ટિક ઢાંકીને રાખી શકાય. આ જ્ઞાનરથની અત્યાર સુધીમાં અનેક ડિઝાઈનો તૈયાર થઈ છે, જેમાં કેટલીક એવી પણ છે કે જેને સાઈકલ સવાર પગની મદદથી ચલાવી શકે છે. તેનો ખર્ચ વધુ નથી થતો. દરેક જગ્યાના સુથાર તેને હલકી, સુંદર અને સસ્તી બનાવવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી શકે છે. પાંચ હજારનું સાહિત્ય પણ તેને માટે પૂરતું થઈ શકે છે. વધુ સામાન મૂકવા માટે પૈડાની વચ્ચે એક ભંડાર પણ બનાવી શકાય.

આવા ફરતા પુસ્તકાલયોનો મૂળ ઉદ્દેશ્ય ઘેર-ઘેર, જન-જન સુધી પ્રજ્ઞા સાહિત્ય પહોંચાડવાની સેવા કરવાનો છે. તેનું સારી રીતે આયોજન કરવા માટે આવા જ્ઞાનરથો વધુ ઉપયોગી છે. ઝોલા પુસ્તકાલયોમાં થોડુંક સાહિત્ય લઈને પણ કામ ચલાવી શકાય છે. નાનાં ગામડાંઓમાં તો તે જ ઉપયોગી છે. હજારો પુસ્તકાલયો ચાલે પણ છે, પરંતુ જ્ઞાનરથમાં તો એટલું બધું સાહિત્ય સમાઈ શકે છે, જે દરરોજ હજારો ઘરો સુધી પહોંચાડી શકાય.

આ ઉપરાંત તેમાં પૈડાંથી માંડી ઉપરના તળ સુધી ચારે બાજુ બોર્ડર લગાવી આકર્ષક અને પ્રભાવોત્પાદક બનાવી શકાય કે જેથી રસ્તે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાલનારા લોકો તે જુએ, આકર્ષાય અને ઊભા રહી, તપાસ કરી પોતાની જિજ્ઞાસા સંતોષે. જનસંપર્ક ક્ષેત્રમાં તેને લાવવામાં આવે તો લોકો સ્વાભાવિક જ આકર્ષાશે. તેમને પ્રજ્ઞા સાહિત્ય દેખાડી, તેનું મહત્ત્વ સમજાવીએ તો તે ન વેચાય એવું ન બને. આ બેવડો હેતુ થયો. તેનાથી વટેમાર્ગુ પણ યુગચેતનાથી પરિચિત થવાનો લાભ મેળવે છે, સાથેસાથે વેચાણના કમિશનથી એટલો લાભ મળતો રહે છે કે તેનાથી ચલાવનારને મહેનતાણું પણ મળી રહે. આ વેચાણ તે લોકોને પણ કરી શકાય. જેઓ મફતમાં ઝોલા પુસ્તકાલયનું સાહિત્ય વાંચે છે. થોડા સમયમાં જ તેમનામાંના ઘણા એટલો રસ દાખવે છે કે તે જ્ઞાનરૂપી સંપત્તિને ઘરમાં રાખવાનું અને પોતાના કુટુંબ તથા પડોશીને લાભ આપવાનું વિચારે છે. આવા લોકો આટલું સસ્તું અને આટલું સારું સાહિત્ય ખરીદવા માટે થોડા પૈસા ખુશીથી ખર્ચશે. આ વેચાણથી આ ઠેલણગાડી ચલાવનારનું ખર્ચ કાઢવામાં મદદ મળે છે.

(૩) દૃશ્ય - શ્રાવ્ય ઉપકરણ - જ્ઞાનરથ દ્વારા સ્વાધ્યાય તરફ જવામાં ટેલિવિઝન, સી.ડી. પ્લેયર દ્વારા સત્સંગની જરૂરિયાત પૂરી થાય છે. કલમની જેમ વાણી પણ લોકમાનસના સુધારનું એક પ્રભાવશાળી માધ્યમ છે. સત્સંગ માટે હાજરી જરૂરી છે. અનાસ્થાના યુગમાં નવસર્જન જેવા શુષ્ક ગણાતા વિષય માટે જનતાને વધુ મોટી સંખ્યામાં એકઠી કરવી મુશ્કેલ છે. આ મુશ્કેલીનો હલ ટેલિવિઝનથી થઈ શકે છે. આમાં લોકમનોરંજન અને લોકમંગળનો અદ્‌ભુત સમન્વય છે. પડોશમાં જ જો આ આયોજન થઈ રહ્યું હોય તો રાત્રિના નવરાશના સમયમાં અનેક વ્યક્તિ એક મિનિટની સૂચનાથી જ એકઠી થઈ જાય છે.

ટેપરેકોર્ડરના માધ્યમથી પ્રેરણાભર્યા ગીતોનું પ્રસારણ થાય છે. યુગ પ્રવર્તક સંદેશ આ માધ્યમ દ્વારા જ દરેક માણસ સુધી પહોંચાડવાનો સહજ ક્રમ પણ ચાલુ રહી શકે છે. લાઉડસ્પીકરને જોડી દેવામાં આવે તો પ્રભાતકાળે સંદેશ પ્રસારણ તથા કાર્યક્રમોમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે. શાંતિકુંજ તેમજ ગાયત્રી તપોભૂમિ, મથુરામાં ગીત અને પ્રવચનની કેસેટ મળતી હોય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૪) દીવાલ લખાણ અને સ્ટીકર - દીવાલ પર લખવા માટે કેટલાંક આદર્શ વાક્યો નક્કી છે. તેમને વાદળી અથવા લાલ રંગ અને પીંછીની મદદથી રસ્તાને અડીને આવેલી દીવાલ પર સુંદર અક્ષરોમાં લખી શકાય છે. જ્યાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં સોનાગેરુ,ચૂનો અથવા મુલતાની માટીથી પણ લખાણ થઈ શકે છે. દીવાલ લખાણ કરતા પહેલાં દીવાલના માલિકની રજા મેળવી લેવી જોઈએ. આદર્શ વાક્યની નીચે 'યુગ નિર્માણ યોજના, મથુરા'' ગાયત્રી તપોભૂમિ, મથુરા' અથવા સ્થાનિક શક્તિપીઠ અથવા જ્ઞાનમંદિરનું નામ પણ લખેલું હોય તો વિચારશીલ વ્યક્તિ ત્યાંનો સંપર્ક કરી આત્મોત્થાન માટે માર્ગદર્શન મેળવી શકે છે. સૌ પ્રથમ આ કામ બધી વ્યક્તિઓએ પોતાના ઘરથી શરૂ કરવું જોઈએ અને પોતાના પરિચિતો, પરિજનો અને સંબંધીઓ પાસે ઘરના દરવાજા પર સુવાક્ય લખાવડાવે. ઘરની અંદર દિવાનખંડ, ભોજનખંડ, શયનખંડ વગેરેમાં છાપેલાં સુવાક્યો લેમિનેશન કરાવી લગાવી શકાય છે. જેમને પરિવારની જવાબદારી ઓછી છે તેમણે ટોળી બનાવી પોતાના વિસ્તારમાં નીકળવું જોઈએ. આવું કરવાથી રચનાત્મક કાર્ય કરવાનો ઉલ્લાસ પણ તેમને પ્રાપ્ત થશે. વેપારીવર્ગ પોતાના પૈસે અનેક બોર્ડ અથવા બેનર પર સદ્‌વાક્ય લખાવી તથા તેમના સૌજન્યથી પોતાની પેઢીનું નામ લખાવી તે બોર્ડ ઠેરઠેર મુકાવી શકે છે. સ્કૂલ - કૉલેજોમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપી આ કામ મોટા પાયે કરી શકાય છે. સ્કાઉટ, રાષ્ટ્રીય સેવાયોજના, એન.સી.સી વગેરેના વિદ્યાર્થીઓ દસ-પંદર દિવસની તાલીમમાં દીવાલ - લખાણના કાર્યક્રમને જોડી દે, તો તેનો તેના વિસ્તારમાં કાયમી પ્રભાવ પડશે.

હેન્ડ બેગ, એટેચી, ફર્નિચર, કબાટ તથા બારીઓ પર, ઘર, કાર્યાલય, વ્યાપારી પેઢીઓમાં લગાડવાનાં સ્ટીકર પણ ખૂબ સુંદર અને સસ્તાં છે. તે લગ્ન તથા ઉત્સવોમાં ભેટ રૂપે વહેંચવાથી, પ્રચાર- પ્રસારમાં તથા વાતાવરણને નવસર્જન માટે અનુકૂળ બનાવવામાં ખૂબ મદદરૂપ થાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૫) જન્મદિવસના ઉત્સવનું ચલણ -આ એક પ્રકારનું પારિવારિક જ્ઞાનગોષ્ઠિનું એક તદ્દન સરળ, સસ્તું, આકર્ષક, ભાવનાપૂર્ણ અને પ્રભાવશાળી સ્વરૂપ છે. જેનો જન્મદિવસ ઊજવવામાં આવે છે તે એ દિવસનો હીરો બને છે. બધા તેને શુભકામના આપે છે અને પુષ્પવર્ષા કરી ફૂલોથી લાદી દે છે. આ ભાવભૂમિકામાં તેને કેટલાક દુર્ગુણ છોડવા અને સદ્‌ગુણ અપનાવવા માટે સંમત કરે છે. આ વ્યક્તિનિર્માણ થયું. જે ઘરમાં આ આયોજન થાય છે તેના કુટુંબના સભ્યોને પોતાના વિસ્તારમાં દુષ્પ્રવૃત્તિની નાબૂદી અને સત્પ્રવૃત્તિ વધારવાનું માર્ગદર્શન તથા પ્રોત્સાહન મળે છે. આ પરિવારનિર્માણ થયું. આ પ્રસંગે યજ્ઞ-પૂજન ઉપરાંત જે સંગીત - પ્રવચન થાય છે તેનાથી સમાજના નવનિર્માણ અને પરિવર્તન વિશેની ઘણીબધી પ્રેરણા મળે છે.

ઉપર્યુક્ત પાંચ કાર્યક્રમ પાંચસૂત્રી યોજનાના છે. તેમને આગળ વધારવા માટે પૈસાની જરૂર પડશે. તેની પૂર્તિ જ્ઞાનઘટથી કરવામાં આવે. જ્યાં પણ મિશન પ્રત્યે શ્રદ્ધા તથા સહયોગની ભાવના જાગે, ત્યાં ઘરમાં જ્ઞાનઘટ મુકાવો અને તે રકમનો ઉપયોગ ઉપર્યુક્ત સત્પ્રવૃત્તિઓ ચલાવવા માટે કરો. નાણાની વ્યવસ્થા જાળવી રાખવા માટે આ યોજનાને પણ પંચસૂત્રી યોજના જેવી મહત્ત્વપૂર્ણ માની ચાલવું પડશે.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# યુગઋષિ દ્વારા રચિત યુગસાહિત્યનો પરિચય

યુગઋષિએ વેદ, પુરાણ, ઉપનિષદ, દર્શન, ગાયત્રી વિદ્યા, યજ્ઞ, કર્મકાંડ, સંસ્કાર, પ્રજ્ઞાપુરાણ, ગીત, અધ્યાત્મનું વૈજ્ઞાનિક પ્રતિપાદન, ક્રાંતિધર્મી સાહિત્ય, યુગનિર્માણ સાહિત્ય, ઉપાસના - સાધના, સ્વાસ્થ્ય, વનૌષધિ, શિક્ષણ, સ્વાવલંબન, વ્યસનમુક્તિ, પર્યાવરણ, નારી જાગૃતિ, વ્યક્તિનિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, આત્મચિંતન, અધ્યાત્મવાદ,ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને દર્શન, મહાપુરુષોનાં જીવન વૃત્તાંત, જ્યોતિષ વગેરે વિષય પર અનેક પુસ્તકો લખ્યાં છે, જેનું પ્રકાશન યુગનિર્માણ યોજના, મથુરા દ્વારા થાય છે.પુસ્તકોની વિસ્તૃત યાદી યુગનિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા -૨૮૧૦૦૩ ના સરનામે પત્ર લખી મંગાવી લેવી. સ્વાધ્યાય મંડળોના સંચાલક પાંચ સભ્યના દર મહિને ૩૦ રૂપિયા લેખે દરેક સભ્યના પૈસા એકઠા કરી ૧૫૦ રૂપિયાનું પોતાની પસંદગી મુજબનું સાહિત્ય મંગાવી શકે છે. ઉપર્યુકત વિષય પર નાનાં -મોટાં પુસ્તકો અને સાહિત્ય પ્રકાશિત કરવામાં આવ્યું છે. સાહિત્ય નીચે લખેલા સ્થળેથી પ્રાપ્ત થઈ શકે છે.

**યુગનિર્માણ યોજના**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા ૨૮૧૦૦૩**

**ફોન. નં. (૦૫૬૫) ૨૫૩૦૧૨૮,૨૫૩૦૩૯૯**

**ફેક્સ નં. (૦૫૬૫) ૨૫૩૦૨૦૦**

**ગાયત્રી જ્ઞાનપીઠ**

**પાટીદાર સોસાયટી,જૂના વાડજ,અમદાવાદ-૧૩ ફોનઃ ૨૭૫૫૭૨૫૨**

---

ઉક્ત સાહિત્ય સ્થાનિક વિદ્યા વિસ્તાર પ્રચાર કેન્દ્ર, સાહિત્ય વિસ્તાર પટલ અને અખંડ જ્યોતિ જ્ઞાનકેન્દ્રમાંથી પણ મળે છે. સાહિત્ય યુગ નિર્માણ યોજના , મથુરાથી મંગાવવા માટે રકમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા અગાઉથી મોકલો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# દીવાલ - લખાણ માટે કેટલાંક સદ્વાક્ય

- સારાં પુસ્તકો જીવંત દેવ પ્રતિમાઓ છે, તેમની આરાધનાથી તરત જ પ્રકાશ અને ઉલ્લાસ પ્રાપ્ત થાય છે.

- કુકર્મીથી વધારે અભાગિયો કોઈ નથી, કારણ કે દુઃખમાં તેનો કોઈ મિત્ર નથી હોતો.

- બીજા સાથે એવો વ્યવહાર ના કરો, જે તમને પોતાના માટે પસંદ ના હોય.

- કોઈનો સુધાર મશ્કરીથી નહીં,પરંતુ તેને નવેસરથી વિચારવા અને બદલાવાની તક આપવાથી થાય છે.

- તમારો રોટલો હળીમળીને ખાવો કે જેથી તમારા બધા ભાઈઓ સુખી રહે

- જેમણે અનીતિપૂર્વક સફળતા અને સંપત્તિ મેળવી હોય તેમની કદી પ્રશંસા ના કરો.

- સાર્થક અને પ્રભાવશાળી ઉપદેશ એ છે, જે વાણીથી નહિ, પરંતુ પોતાના આચરણથી આપવામાં આવે છે.

- પરમેશ્વરનો પ્રેમ કેવળ સદાચારી અને કર્તવ્યપરાયણ લોકોને જ મળે છે.

- નિષ્ફળતા માત્ર એ સાબિત કરે છે કે સફળતા માટેનો પ્રયત્ન પૂરા દિલથી નથી કર્યો.

- પ્રસન્ન રહેવાના બે જ ઉપાય છે; જરૂરિયાતો ઓછી કરો અને સંજોગો સાથે મેળ બેસાડો.

- પોતાનું મૂલ્ય સમજો અને વિશ્વાસ રાખો કે તમે સંસારની સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છો.

- મનુષ્ય સંજોગોનો ગુલામ નથી, તે તેમનો નિર્માતા, નિયંત્રણકર્તા અને સ્વામી છે.

---

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org